ગાંધીનગર સમાચાર

## નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર દ્વારા

# જિલ્લાકક્ષાનો સાયન્સ સૅમિનાર યોજવામાં આવ્યો



ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની શાળાઓ માટે શ્રીમતી આર જી પટેલ કન્યા વિદ્યાલય, સૅક્ટર-૨૩ ખાતે જિલ્લા કક્ષાના સાયન્સ સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે 'પિરિયોડિક ટેબલ ઑફ કૅમિકલ ઍલિમૅન્ટ્સ : ઈમ્પૅક્ટ્સ ઑન હ્યુમન વૅલફૅર' (આવંત કોષ્ટકનાં રાસાયણિક તત્ત્વોની માનવકલ્યાણ પર અસર) વિષયે વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે સરકારી વિજ્ઞાન કૉલેજના પ્રૉફેસર ઉમેશ તળપદા, પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડના પૂર્વ જનસંપર્ક અધિકારી નરેશભાઈ ઠાકર, આર જી પટેલ કન્યા વિદ્યાલયના આચાર્ય ગિતેષભાઈ પટેલ અને નિસર્ગ સાયન્સ સૅન્ટરના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સાયન્સ સૅમિનારમાં ગાંધીનગર જિલ્લાની જુદી જુદી શાળાઓના ૩૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રથમ ક્રમે ચંદ્રાંશુ દાસ (હિલવૂડ્સ સ્કૂલ), દ્વિતીય ક્રમે ક્રિશ પટેલ (સૅન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ) અને તૃતિય ક્રમે વૃષ્ટિ જી પટેલ (સ્વસ્તિ હાઈસ્કૂલ, મોટેરા) વિજયી બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્રો આપી નવાજવામાં આવ્યા હતા. ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં. પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા સ્પર્ધકને રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સૅન્ટરના સંયોજક હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે સક્રિય સહયોગ પૂરો પાડ્યો હતો.




સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને સ્ટાફગણે ભેગા મળી શાળાની નજીકના વિસ્તારમાં વૃક્ષારોપણ કર્યું હતું. શાળઆના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ વિદ્યાર્થીઓ, સ્ટાફને આ ઉમદા કાર્ય બદલ બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# ડીપીઍસ ખાતે છાત્ર પ્રતિનિધિ પદવીદાન




ગાંધીનગર, તા. ૨૬

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે છાત્ર પ્રતિનિધિ પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આસી. કમિશનર ઑફ પોલીસ (મહિલા પોલીસ સૅલ, ક્રાઈમ બ્રાન્ચ) કે. મીની જોસેફ મુખ્ય અતિથિ તરીકે પધાર્યા હતા. સમારોહ અંતર્ગત હેડ બોય, હેડ ગર્લ, સાંસ્કૃતિક મંત્રી, ખેલમંત્રી વગેરે પદવીઓ વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે દિલ્હી પબ્લિક સ્કૂલના ટ્રસ્ટી અપૂર્વ ગોયન્કા, ટ્વિંકલ ગોયન્કા અને ડિરેક્ટર રાની ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં. આચાર્ય અતનુ રથે સમારોહના અંત ભાગમાં શિક્ષકો અને વાલીઓ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરતાં જણાવ્યું હતું કે છાત્રજીવનમાં જવાબદારી વહન કરવાની આદત કેળવાય તે ભવિષ્યના દેશના નાગરિક માટે ખૂબ જ મહત્ત્વની બાબત છે.



ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી જિલ્લા શાખા દ્વારા સ્માર્ટ કિડ્સ, સૅક્ટર-૨૧ ખાતે ૧૬ શિક્ષકોને ફર્સ્ટ એઈડની તાલીમ આપવામાં આવી હતી. ટ્રેનર જિજ્ઞેશ વસંત રાવલ દ્વારા આ તાલીમ આપવામાં આવી હતી.

# સોજા હાઈસ્કૂલમાં કારગિલ વિજય દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા 'શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે આજ રોજ કારગીલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના એન. સી. સી. યુનિટ અને 'રાહી' ઈકો ક્લબના સંયુક્ત ઉપક્રમે આ પ્રસંગે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ




ઑફિસરશ્રીની અભિપ્રેરક ઉપસ્થિતિમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. શાળાના પૂર્વ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના અધ્યેતા ભાઈ-બહેનોએ દેશભક્તિ ગીતો અને દેશદાઝ જન્માવતાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં. શાળાના ઈકો ક્લબ ઈન્ચાર્જ અને ગણિત-વિજ્ઞાન શિક્ષક રાકેશ પ્રજાપતિએ કારગીલ વિજય અંગે ઐતિહાસિક સમજ પૂરી પાડી હતી.

## જન્મદિને વધામણી



અશોકભાઈ જે શાહ
ફોન : ૨૩૨૩૭૩૩૩



હરિભાઈ એન ચૌહાણ
ફોન : ૨૩૨૩૪૩૯૭



હરકાંતભાઈ અનંતપ્રસાદ ભટ્ટ
મો. ૯૪૨૭૬ ૨૪૦૪૮



પ્રકાશ એમ ગુરુબક્ષાણી
મો. ૯૪૨૭૩ ૩૫૧૬૯



ઈન્દ્રજિતસિંહ એસ રાઠોડ
મો. ૭૯૮૪૯ ૯૮૬૫૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એ.એફ.સી.એ.ટી.ની પરીક્ષા વિષે માહિતી આપશો




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. એમ.બી.એ કર્યા બાદ ભારત માં અને વિદેશ માં સૌથી સારા વિકલ્પ શું હોય શકે?**

**- જય પવાર, ગાંધીનગર**



આપનો પ્રશ્ન ખૂબ સારો છે અને એટલો અગત્ય નો પણ.સૌપ્રથમ તો આપને એ માહિતી આપવા માંગીએ છીએ કે ફક્ત એમ. બી.એ કરવું જરૂરી નથી પણ આપ એ કઈ સંસ્થા માંથી કરો છો એ જરૂરી છે.જો આપે કોઈ પ્રતિષ્ઠિત સંસ્થા માંથી કર્યું હશે તો જ આપના માટે ભારત માં અને તેમજ વિદેશ માં સારી કારકિર્દી ના વિકલ્પો ઉપલબ્ધ હશે.હવે આપના પ્રશ્ન ઉપર આવીએ તો જો આપ કોઈ સારી એટ્લે કે ભારત ની પ્રતિષ્ઠિત સંસ્થા જેમ કે આઈ.આઈ.એમ માંથી પદવી હાંસલ કરી હશે તો ઘણા સારા વિકલ્પો ઉપલબ્ધ છે.જેમ કે આપ બેકિંગ અને ફાઈનાન્સ ના ક્ષેત્ર માં આગળ જઈ શકો છો જેમાં આપ સિક્યુરિટી અને ઈન્વેસ્ટમેન્ટ એનાલિસિસ,પોર્ટફોલિયો મેનેજમેંટ ,બિઝનેસ ઓપરેશન અને ક્રેડિટ એનાલિસ્ટ જેવા વિભાગો માં આગળ વધી શકો છો. એ સિવાય આપને જો નવી નવી ટેક્નોલોજી ની માહિતી હોય તો આપ ઈન્ફોર્મેશન મેનેજમેંટ માં પણ આગળ વધી શકો છો જેમાં આપે ટેક્નોલોજી ની મદદ થી ફાઈનાન્સિયલ અને મેનેજમેંટ ક્ષેત્રે મદદરૂપ થઈ શકો છો.એ સિવાય આપ મેનેજમેંટ કન્સલ્ટન્ટ તરીકે પણ ખ્યાતિ પ્રાપ્ત કરી શકો છો જેમાં આપ અલગ અલગ મેનેજમેંટ ઓર્ગેનાઈઝેશન ને સલાહ સૂચન આપી મદદરૂપ થઈ શકો છો.અન્ય વાત કરીએ તો આપ આંત્રપિનિયોરશીપ એટલે કે આપ પોતાનો કોઈ બિઝનેશ ખોલી એમાં આગળ વધી શકો છો.હવે જો વિદેશ ની વાત કરીએ તો ઉપર જણાવેલ દરેક ક્ષેત્રે આપ આપની યોગ્યતા મુજબ આગળ વધી શકો છો.એ સિવાય ઘણી વિદેશી સંસ્થાઓ ઓ બીજા દેશ ના એમ.બી.એ સ્નાતક ને જોબ ઓફર કરતાં હોય છે કે જેનાથી એ લોકો બીજા દેશ ના મેનેજમેન્ટ કલ્ચર ને સમજી શકે અને જેથી એ પોતાનો વ્યાપાર અન્ય દેશ માં પણ વિકસાવી શકે.આમ એમ.બી.એ બાદ ભારત અને વિદેશ માં ઘણા સારા વિકલ્પો ની પસંદગી કરી શકો છો.પ્રતિષ્ઠિત સંસ્થા માંથી એમ.બી.એ કરવા આપ સી.એ.ટી અને સી.એમ.એ.ટી ની પરીક્ષા આપી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકીર્દી માટે.

**૨. હું બી.એસ.સી માં અભ્યાસ કરું છું . એ. એફ. સી. એ. ટી.ની પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- યશપાલ સિંઘ, ગાંધીનગર**



એર ફોર્સ કોમન એડમિશન ટેસ્ટ એએફસીએટી તરીકે ઓળખાય છે, જે ભારતીય હવાઈ દળ દ્વારા હાથ ધરવામાં આવે છે, જે વિશ્વનું ચોથું સૌથી મોટું હવાઈ દળ છે. ફ્લાઈંગ અને ગ્રાઉન્ડ ફરજો (ટેક્નિકલ અને નોન-ટેક્નિકલ) માં વર્ગ -૧ ગેઝેટ્ડ અધિકારીઓને પસંદ કરવા માટે ફેબ્રુઆરી અને ઑગસ્ટ મહિનામાં પરીક્ષા લેવામાં આવે છે. એએફસીએટી, બંને પુરુષ અને સ્ત્રી, ફ્લાઈંગ બ્રાન્ચમાં ટૂંકા સેવા કમિશન અને કાયમી કમિશન / ટૂંકા સેવા કમિશન બંને તકનીકી અને બિન-તકનીકી ભૂમિકાઓ માટે ગ્રાઉન્ડ ડ્યુટીમાં અધિકારીઓ તરીકે, પુરુષ અને સ્ત્રી બંને માટે યોગ્યતા ધરાવે છે.અન્ય માહિતી ની વાત કરીએ તો આ પોસ્ટ માટે વિવાહિત અને જેની ઉમર ૨૫ કરતાં વધુ હોય એ આયોગ્ય ઠરે છે.શૈક્ષણિક લાયકાત ની વાત કરીએ તો આપે ઓછા માં ઓછા ૬૦ ટકા અને ફિઝિક્સ અને ગણિત જેવા વિષયો સાથે ૧૨ પાસ કરેલ હોવું જોઈએ.તથા આપ ૬૦ ટકા સાથે સ્નાતક ની પદવી મેળવેલ હોવી જરૂરી છે.ટેકનિકલ પોસ્ટ માટે આપે એન્જીનિયરીંગ માં સ્નાતક કરેલું હોવું જરૂરી છે.તો આપ આ બધી બાબતો પર અત્યારથી જ વિચાર કરી આ પરીક્ષા માટે ની તૈયારી માટે નું પ્લાનિંગ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકીર્દી માટે.

**૩. હું બી.કોમ.માં અભ્યાસ કરું છું. ઇનકમટેક્ષ ઓફિસર બનવા માટે શું કરવું જોઈએ?**

**- ચિંતન પટેલ, માણસા**

ચિંતન, આવકવેરા (ઈનકમટેક્ષ) અધિકારી બનવા માટે, સૌ પ્રથમ આવકવેરા નિરીક્ષક અથવા કર સહાયક તરીકે આવકવેરા વિભાગમાં પ્રવેશ કરવાનો રહે છે ત્યાર બાદ આપ વિભાગીય પરીક્ષાને પાત્રતા પ્રાપ્ત કર્યા પછી આવકવેરા અધિકારીની નિમણૂંક મેળવી શકો છો. આવકવેરા નિરીક્ષક અથવા ટેક્સ સહાયક તરીકે જોડાવા માટે



જરૂરી પ્રથમ પગલું એ સંયુક્ત સ્નાતક સ્તરની પરીક્ષાને પાત્ર બનવુ. તે પછી, ઈન્કમ ટેક્સ ઈન્સ્પેક્ટર પોસ્ટ માટે અને ટેક્સ સહાયક પોસ્ટ માટે સ્કિલ ટેસ્ટ હોય છે. આપ આ ઓલ ઈન્ડિયા લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઑનલાઈન અથવા ઑફલાઈન અરજી કરી શકે છો. આ માટે આપે એસ.એસ.સી (સ્ટાફ સિલેક્ષન કમિશન) ધ્વારા લેવામાં આવતી સી.જી.એલ (કંબાઈંડ ગ્રેજ્યુએશન લેવલ)ની સ્પર્ધાત્મક પરીક્ષા આપી શકો છો. આ પરીક્ષા ત્રણ પડાવ માં લેવામાં આવે છે. પ્રથમ પ્રિલિમ પરીક્ષા ત્યાર બાદ મેઈન્સ અને ત્યાર બાદ ટાઈપિંગ ટેસ્ટ આપવાની હોય છે.આ પરીક્ષા માં મુખ્યત્વે અંગ્રેજી ,ગણિત ,રીઝનીંગ અને જનરલ નોલેજના પ્રશ્નો પુછવામાં આવે છે.આ પરીક્ષા માટે શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો આપે કોઈ પણ સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરેલ હોવી જોઈએ.આમ આપ આ પરીક્ષા યોગ્ય અને સારી મેહનત કરી ને ચોક્કસ પાસ કરી શકો છો.એ માટે આપ અત્યાર થી જ મેહનત ચાલુ કરી આ પરીક્ષા માટે તૈયાર થઈ શકો છો.જનરલ નોલેજ અને અંગ્રેજી સુધારવા માટે આપ અંગ્રેજી ન્યૂઝપેપરનું વાંચન કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુકઃ www.facebook.com/questions.careercorner


## એ અદ્ભૂત દશ્ય

રૉલેટ કમિટીના રિપોર્ટ સામે એક તરફથી આંદોલન વધતું ચાલ્યું, બીજી તરફથી સરકાર કમિટીની ભલામણોનો અમલ કરવા મક્કમ થતી ચાલી. રૉલેટ બીલ પ્રગટ થયું. હું એક જ વાર ધારાસભાની બેઠકમાં ગયો છું. રૉલેટ બિલની ચર્ચા સાંભળવા ગયો. શાસ્ત્રીજીએ પોતાનું ધગધગતું ભાષણ કર્યું, સરકારને ચેતવણી આપી. શાસ્ત્રીજીનો વચનપ્રવાહ ચાલી રહ્યો હતો ત્યારે વાઈસરૉય તેમના તરફ તાકી રહ્યા હતા. મને તો લાગ્યું કે, આ ભાષણની તેમના મન ઉપર અસર થઈ હશે. શાસ્ત્રીજી લાગણીથી ઊભરાઈ જતા હતા.

150 ગાંધીયાત્રા

પણ ઊંઘતાને માણસ જગાડી શકે; જાગતો ઊંઘે તેના કાનમાં ઢોલ વગાડો તોયે તે શાને સાંભળે ? ધારાસભામાં બિલો ચર્ચવાનું ફારસ તો કરવું જ જોઈએ. સરકારે તે ભજવ્યું. પણ તેને જે કામ કરવું હતું તેનો નિશ્ચય તો થઈ જ ચૂક્યો હતો, એટલે શાસ્ત્રીજીની ચેતવણી નિરર્થક નીવડી.

મારી તૂતીનો અવાજ તો કોણ જ સાંભળે ? મેં વાઈસરૉયને મળીને ખૂબ વીનવ્યા, ખાનગી કાગળો લખ્યા, જાહેર કાગળો લખ્યા. સત્યાગ્રહ સિવાય મારી પાસે બીજો માર્ગ નથી એ તેમાં સ્પષ્ટ જણાવ્યું. પણ બધું ફોગટ ગયું. હજુ બિલ ગૅઝેટમાં નહોતું આવ્યું. મારું શરીર તો નબળું હતું, પણ મેં લાંબી મુસાફરીનું જોખમ ખેડ્યું. મારામાં ઊંચે સાદે બોલવાની શક્તિ ગઈ તે પાછી હજુ લગી નથી આવી. ઊભાં ઊભાં જરાક વાર બોલતાં આખું શરીર કંપે ને છાતીમાં ને પેટમાં મુંઝારો થઈ આવે. પણ મદ્રાસથી આવેલા આમંત્રણને સ્વીકરવું જ જોઈએ એમ મને લાગ્યું. દક્ષિણ પ્રાંતો તે વખતે પણ મને ઘર જેવા લાગતા. દક્ષિણ આફ્રિકાના સંબંધને લીધે તામિલ, તેલુગુ વગેરે દક્ષિણ પ્રાંતના લોકો ઉપર મને કંઈ હક છે એમ માનતો આવ્યો છું, ને તે માન્યતામાં જરાયે મેં ભૂલ કરીછે એવું હજુ લગી લાગ્યું નથી. આમંત્રણ સદગત કસ્તૂરી રંગા આયંગાર તરફથી હતું. તે આમંત્રણની પાછળ રાજગોપાલાચાર્ય હતા એ મને મદ્રાસ જતાં માલૂમ પડ્યું. આ મારો રાજગોપાલાચાર્યનો પહેલો પરિચય ગણી શકાય. હું તેમને દીઠે ઓળખી શકતો આ વખતે જ થયો. જાહેર કામમાં વધારે ભાગ લેવાના ઈરાદાથી તે શ્રી કસ્તૂરી રંગા આયંગર ઈત્યાદિ મિત્રોની માગણીથી તેઓ સેલમ છોડી મદ્રાસમાં વકીલાત કરવાના હતા. (ક્રમશઃ)




'સત્યના પ્રયોગો'માંથી સાભાર